જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૪/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-      સમાચાર યાદી નં.૭૪૬/૧૬

### શ્રેણી બધ્ધ બોમ્બ બ્લાસ્ટ કરી નાસતો ફરતો આરોપી આલમ જેબ આફ્રીદી ઝડપાયો.

જુલાઇ-૨૦૦૮ માં અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકા ''સીમી'' અને તેના નવા સ્વરૂપ ''ઇન્ડીયન મુજાહીદ્દીન'' ધ્વારા કરવામાં આવેલ જે અનુસંધાને અમદાવાદ શહેરમાં ૧૮ ગુના, અમદાવાદ ગ્રામ્યમાં સરખેજ પોલીસ સ્ટેશનમાં ૧ ગુનો તથા તથા ગાંધીનગર જીલ્લામાં કલોલ તાલુકા પો.સ્ટે.માં ૧ ગુનો દાખલ થયેલ અને સુરત શહેરમાં ૧૫ ગુનાઓ બોમ્બ પ્લાન્ટેશનના દાખલ થયેલ. આ કાવત્રાના ભાગરૂપે બોમ્બ મુકવામાં આવેલ પરંતુ ટેકનીકલ કારણસર બોમ્બ બ્લાસ્ટ થયેલ નહી અને અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના કારણે ૫૬ માણસોના મૃત્યુ અને ૨૮૪ વ્યક્તિઓને ગંભીર પ્રકારની ઇજાઓ થયેલ તેમજ જાહેર મિલ્કતો અને ખાનગી મિલ્કતોને કરોડો રૂપિયાનુ નુકશાન થયેલ. જે તપાસ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચને જે તે વખતે સોપવામાં આવેલ અને ગણતરીના દિવસોમાં જ આ ગુનાનો ભેદ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ધ્વારા ઉકેલવામાં આવેલો અને તપાસ દરમ્યાન આજદિન સુધી કુલ્લે-૭૫ આરોપીઓને પકડવામાં આવેલ છે અને તેઓ વિરુધ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

આ ગુન્હાઓમાં હજુ પણ ૨૩ આરોપીઓ નાસતા ફરે છે તે પૈકી એક આરોપી આલમ જેબ સ/ઓ મસકુર અહેમદ જાતે. આફ્રીદી સુન્ની મુસ્લીમ, ઉ.વ.૨૯/૨૦૧૬ રહે. ૩, ન્યુ આશિયાના સોસાયટી અલફારૂક મસ્જીદ પાસે, જુહાંપુરા અમદાવાદ નાનો જે પ્રથમ વર્ષ બી.એસ.સી. સુધી ભણેલ છે જે વર્ષ-૨૦૦૮ થી નાસતો ફરતો હતો.

આ આરોપી આલમઝેબ આફ્રીદી આતંકવાદી સંસ્થા સીમીનો સક્રિય સભ્ય થઈ હાલોલ કેમ્પમાં ભાગ લઈ ગુપ્ત સાહેદોના નિવાસ સ્થાને સીમીની મીટીંગો યોજી, યોજાવડાવી ભાગ લઈ આતંકવાદી કૃત્ય કરવા તૈયાર થઈ, કરી/કરાવડાવી આરોપી અબ્દુલસુભાન ઉર્ફે તૌકીર, આરોપી મુજીબ તથા આરોપી કયામુદ્દીન, આરોપી અબ્દુલ રાઝીક, આરોપી ઐયાઝ સાથે મળી આરોપી કયામુદ્દીનની સૂચના મૂજબ સાયકલો ખરીદી સાહેદને બોમ્બ બ્લાસ્ટ માટે માનસીક રીતે તૈયાર કરી, કાવત્રામાં સામેલ કરી ખરીદેલ સાયકલો સલામત સ્થળે રાખવા આપી આ સાહેદને આરોપી કયામુદ્દીને આપેલ જેહાદી સાહિત્ય



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

સાચવવા આપી, બોમ્બ બ્લાસ્ટ બાદ નિકાલ કરી અન્ય આરોપીઓ સાથે બોમ્બ બ્લાસ્ટના કાવત્રામાં સામેલ થઈ જુદા જુદા હિન્દુ વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટના સ્થળોની રેકી કરી/કરાવડાવી આરોપી કયામુદ્દીન પાસેથી સાયકલ તથા બોમ્બ મેળવી તા.૨૬/૦૭/૦૮ ના રોજ ઓઢવ ખોડીયારનગર ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે નં.-૮, મયુર ડેરી સામે પકોડીની લારીની નીચે બોમ્બ મૂકી તેમજ ઓઢવ રાજેન્દ્રપાર્ક વેરા ઉપર આવેલ શાકભાજી માર્કેટમાં ન્યુ કામદાર પોસ્ટ ઓફિસ સામે જાહેર રોડ ઉપર સાયકલ ઉપર બોમ્બ મૂકી, બ્લાસ્ટ કરી, કાવત્રાનો સભ્ય થઈ, કાવત્રુ પાર પાડવામાં ભાગ ભજવી આરોપી અબ્દુલ રાઝીક તથા અબ્દુલસુભાન ઉર્ફે તૌકીર સાથે આરોપી મોહંમદઅલી તથા આરોપી ડો. અબુફૈસલ તથા આરોપી મંજર ઇમામ આલમ ઉર્ફે જમીલ તથા આરોપી અફાક ઇકબાલ ઉર્ફે દાનીશ રીયાજ ઉર્ફે સાફી નાઓની મદદથી ખંડવા, રાંચી, શિવની વિગેરે સ્થળોએ નાસી જઈ આશ્રય લીધેલ અને આ આરોપી છેલ્લા છ વર્ષથી બેંગ્લોર ખાતે રહેતો હતો અને તેણે ૧૧ માસ અગાઉ બેંગ્લુરૂમાં યાસ્મીના નામની છોકરી સાથે લવ મેરેજ કરેલ છે. અને તે બેંગ્લુરૂમાં એ.સી. ટેકનીશ્યન તરીકે કામ કરતો હતો, જેની તપાસ ચાલુ રાખેલ. જે દરમ્યાન સદર આરોપી જાન્યુઆરી-૨૦૧૬ માં એન.આઇ.એ. બેંગ્લોર ધ્વારા આ આરોપીએ તે નાસતો ફરતો હતો તે દરમ્યાન ઇઝરાઇલ એમ્બસીની ઓફીસ ઉપર જવલનશીલ પદાર્થ નાખી સળગાવેલ તે ગુનામાં તેને અટક કરવામાં આવેલ. તેમજ આ આરોપી નાસતો ફરતો હતો તે દરમ્યાન કર્ણાટક, બેંગાલુરુના પરપ્પના આગ્રહરા પો.સ્ટે. વિસ્તારમા પોલીસ કોન્સ્ટેબલને છરી વડે ઇજા કરી મારી નાખવાની કોશીષ કરેલ તે ગુનામાં પણ તે અટક થયેલ. જેથી આ આરોપીને આ ગુનાના કામે અટક કરવા સારૂ આરોપીને મેટ્રો.મેજી.શ્રીની કોર્ટ નં. ૧૬, અમદાવાદ નાઓની કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવી આ ગુનાના કામે અટક કરવામાં આવેલ છે અને સદર આરોપીની પુછપરછ શ્રી જે. કે. ભટ્ટ, સંયુકત પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપેન ભદ્રન નાઓની સીધી દેખરેખ અને માર્ગદર્શન નીચે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે. એન. પટેલ ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓ તપાસ કરી રહેલ છે અને આરોપીના વધુ પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવવાની તજવીજ કરવામાં આવેલ છે અને આરોપીને આ તમામ ગુન્હાઓમાં અટક કરી પુછપરછ કરવામાં આવનાર છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)